‡ એ કેશે શંજાંણનો જોડનારો બહમન પોતે બોલે છે કે શંજાંણમાં જે આતશબેહેરાંમ બનેઆ તે તો શારા વખતમો બનેઆ જે તમાંમ આતશ બેહેરામનું કામ શરવે દીનના હોકમ મુજબ તે લોકોએ કીધું પંણ હવે આએ વખતમા એટલે જે હું એ કેતાબ જોડુંચ તે વખતમા કાઇ દીન આપણાં હાતમાં રહી નથી તે ખોદા જાંણેચ કે દીન આએ વખતમાં કેહેવી છે. પંણ દીન ઉપર અમલ કરવો તે આખર એક એકીન છે એટલે જે એક એકીન રાખીને દીનનુ કામ ચાડાવીએચ પંણ આએ વખતમા દીનની રાહારશંમ જરથોશતનાં હોકમ પરમાણે કાઇ આપણા હાથમાં રહી નથી એ પરમાંણે એ કેતાબનો જોડનારો બોલે છે એજ ઉપરથી વાંચનારાવોએ સમજી લેવું. ¶ભરૂચ

એક છોકરો હુતો તેહેનુ નામ ખોજશતે હુતું તેહેની મોરાદ અને ખાહેશ બાંજ તથા બરશંમ માંહા હુતી અને હમેંશે ઈશજને કરવી એહેજ તેહેનું કામ હુતું અને હમેશે બાજ અને બરશંમ તેહેની ઈચ્આર હુતી અને તે ઈજિશનેનાં કાંમનો જાંણુનાર એકો હુતો અને તેથકી અરવીશગાહમાં એક નીશાંન રહી હુતી અને તે પાક તંનનો નેકનાંમીમાં અશો હુતો જે બેહેશતનાં દરમેઆનમાં તેહેને નેક મોરાદ હોજો.

અને એ મીશાલે જેહેવારે વરશ ૭૦૦) શાતશેહે ગુજરેઆં તેહેવારે તે શેહેરમાં તે લોકોની ઘણીએક ઓલાદ થાઈ અને જેહેવારે કેટલાંએક વરશ એ રીતે ગુજરેઆં તેહેવારે તેહોણુની ઉપરબી એ મીશાલે આશમાંન આડુ થાઈઉ જે એકાએક તેહેનાંનાં દેલ ઉપર જાંહાંન તગ આવી પડી જે જમાંનાએ તેહોનાં જીવને વાશ તે કશદ કીધો અને કેટલાંએક વરશ જમાંનાંનો દોર ગુજરેઆ પછી ગુજરાતનાં પાંદશાહ નાંમે મેહમુદ બેગડા †ને સજાંણુનાં રાજાની ખબર થાઇ. અને જેહવારે બે હેદીનોને હીનદોશતાનમાં આવ્યાને ‡ વરસ ૫૦૦) પાંહાંનસો તમામ થયા તેહેવારે

---

† જાંણવું જે મેહમુદ બેગડો શ્રી ગુજરાતનોં પાદશાહ થાઇ ગોઓ છે તે પોતાના મુશલમાન લોકે વનાએ બીજા વેલાનાં લોકો ઉપર વણી કઠણ નજર રાખતો હતો અને ઘણા હીનદુ લાકોને તથા રાજાવોને મારીને મુશલમાન કીધા હતા એ પાદશાહ શને ૮૬૩) હેજરીમો શ્રી ગુજરાતના શ્રી અેહમદાબાદમો તખત ઉપર બેઠો હતો એ સુલતાન મેહમુદ બેગડાનો અેહવાલ કેતાબ નાંમે મેરઆત શેકંનદરીમો મુફશલ બઆઆન કીધેલો છે આએ કીશે સનજાંણના બોલેઆ મુજબ આપણ જરથોશતી લોકોની બહુ રીતે ખરાબી કીધી હતી.

‡ હવે એજગો ઉપર એક શોમાર કરવો જરૂર પડેઓકે શ્રી ભરૂચવાલા બેહેશતી દશતુર અશપંદીઆરજીએ પોતાની કબીશાની કેતાબમો પારશીઓને શ્રી હીનદોશતાનમો આવેઆ બાબે લખઉં છે જે ઇઅજજરદની પાદશાહી અગાઉ ૫૦ વરશ પારશી લોકો નજુમ જોઇને કોહશતાનમો જાઇ ભરાએઆ એ કાલને આએ શંનજાણનો કીસા તોકરેચ તેહની સમજએ છે કે એશંનજાણના કીશાવાલો બોલે છે કે શ્રી ખોરાશ નથા નીકલા પછે કેટલા વરશ ગુજરઆ તેહનો હશાબ આવેચ તે એ છેજે.

કોહશતાનમો વરશ	૧૦૦
હોરમજ શેહરમો વરશ	૧૫
દીવ બંદરમો વરશ	૧૯
શનજાણમો વરશ	૫૦૦

તેવાર પછે મેહમુદબેગડાએ શંનજાણમો બેહદીન લોકોને તારાજ કીધા શને ૯૧૩) હીજરીમો. તેહને આએ કેતાબ થાએઆના શને ૧૨૪૭ હીજરી અને શને ૧૨૦૦) ઇઅજદજરદી શુધી વરશ ૩૩૪

જુમલે. ૯૬૮

હવે એ હશાબ ઉપરથીતો શાફ માલમ પડેચ કે જરતોશતી લોકોને પોતાનું વતન શ્રી ખોરાશાન મુકેઆને વરશ ૯૬૮) થાએઆં હવે એ હશાબતો કેતાબની દલીલથી છે પણ ભરૂચવાલા બેહેશતી દશતુર અશપંદીઆરજીએ જે ૧૨૫૦) વરશ બતલાવી દીધાચ તેહની તો કશી શાહેદી મલતી નથી તારે કબીશો તે પાહાડોમો શી રીતે કીધો એ બીનાને ખુબ દરીઆફત કરવી જોઇએચ.

† શ્રી ચાંપાનેરમાં મુશલમાન લોકો આવી પડયા અને તે જગો સુલતાંન મેહમુદ બેગડો તખત ઉપર આવી બેઠો.

મેહમુદ બેગડાએ લશકર શંજાણનાં રાજા શાથે લડાઈ કરવાને વાશતે મોકલુ તે ખબર થાઈ શજાંણનાં રાજાને તેહેની હકીકત

—:o:—

શુલતાંન મેહેમુદ બેગડાને રઈઆતનાં લોકો ખુદાનો શાએઆ કરીને કેહેતા હુતા તેહેને કેટલાંએક વરશો પછી માલુમ થાઈઉ જે હીનદોશતાંનમાં શંજાણની તરફ એક રાજા છે તારે સુલતાન મેહેમુદ બેગડાનો વજીર હુતો તેણે પોતાનાં અલફખાંન નામનાં શરદારને એક દાહાડે કહીઉ જે ફતેહમન્દ પાદશાહનો હોકંમ થાએઓ છે કે શેતાબીથી લશકર લેઈને શજાણ ઉપર ચહડ અને તે શજાણનો મુલક ઉતાવલેથી હાથ કર તેહેવારે પાદશાહ સુલતાંન મેહમુદ બેગડાના હોકંમથી અલફખાંન ધુંઆંની મીશાલે બાહાર પડેઓ અને તમાંમ લશકર તે વેલાએ તઈઆર કરીને ઉડતા અકાબની મીશાલે જલદી ચાલવા માંડીઉં. અને અલફખાંન જેહવારે લશકર લઈને શંજાંણની આબાદી ઉપર જાઈ પોંહોચેઓ તેવારે તે લશકરની ખબર તે હીનદુ રાજાને થાઈ જે ઘણુ લશકર હર તરફથી આવેચ તે મધે ચુનનદા ૩૦૦૦૦) તરીશ હજાર શીપાહીઓ છે. અને તે તમાંમ લડાઇનાં પેહલવાંનો અને નામદારો છે તે ખબર શાભલેઆથી રાજા બેહોશ થાઈઓ અને ફરી બીજી મરતબે હોશમાં આવેઓ તેવારે તેહેજ વખત તમામ મોબેદો તથા હેરબદો તથા બેહેદીનોને બોલાવીને તે નેક કેરદાર રાજાએ કહઉ જે એ વફાદાર ઈઆરો હવે શુ તદબીર છે કે માહારા વડવાએ તમોને એખતીઆર કીધા છે અને તમારા કાંમમાં તમાંમ નેકી કીધી છે વાશતે તમો શરવે કાઈએ કાંમમા કમર બાંધો. અને તમો શરવે લડાઈના દરમેઆંનમાં રાહના દેખાડનાર થાઓ. અગર હમારા વડા લોકોનું એહેશાંન તમો જાણોતો તમારૂ પોતાનુ માથુ શેકર કરવાથી બાહાર માલેવો. તેવાર પછી તે રાજાને જુદા મોબેદોએ જવાબ દીધો જે એ રાજા એ લશકરથી દલગીર મોથા. હમો હરએક જણા જાહાલગ ... રહેશું તાંહાંલગી હજારો દુશમન લોકોનાં માંથાં કાપીશું. જાહેર લડાઈનાં દરમેઆનમા હમારી રશમ હેવી છે જે હમો જાંહાલગીક જીવતા રહીએ તાહાંલગી હમારી કીમત હેવી છે જે અગર પથર ચકીનો માંથાંથી ઉપર ફરે તોબી કોઇ મરદ પાછો નહી ફરે એ પરમાણે રાજાને કહીઉં તારે તેહોનની વાત શાભલેઆ પછે રાજાએ શરવે કોઈને શરપાવ આપેઆ અને તે વખત તે જગોમાં ભલી દીનનાં જવાંન કેટલા હુતા અને જુદા કેટલા હુતા તેહેનો શુમાર કાહાદેઓ તેહવારે ૧૪૦૦) ચઉદશોહે

---

† શ્રી ચાંપાનેરમો મેહમુદ બેગડાવું લશકર સને ૮૮૯) હીજરીના વરશમો આવીને ચાંપાનેરનો કીલો ફતેહ કીધો અને શને ૯૧૩ હીજરીમો શુલતાન મેહમુદ બેગડો પોતે શ્રી વશાઇ તથા શ્રી મોહેમ તથ શ્રી દમણ પર આવેઓ એ વેલાએ શંનજાણથી તારાજીમો આવીઉ હતો

જણુંનાં નાંમ દફતરમાં ચહડેઆં તેહેવારે તે લોકોએ એકાએક ઘોડા ઉપર જીન મુકેઆં અને બખતર પેહેરીને તે શવારો ઉભા રહેઆ અને તે લડાઇનાં મેદાંનમાં તમાંમ બેહેદીનોએ રાજાની બરાબર શફ ખેંચી.

લડાઇ કીધી અલફખાંન શરદારે બેહેદીનો તથા રાજાની સાથે.

તે જગોથી જેહેવારે અલફખાંન અશવારોની સાથે બખતર પેહેરીને મેદાંનની તરફ આવેઓ તેહેવારે જડાવદાર જીન ઘોડાઓની ઉપર મેલેઆં અને હાથીઓની પીઠ ઉપર નીશાંનો ઉભી કીધીઓ અને લડાઇનિ વાશતે ઘોડા ઉપર જીન મુકેઆં તેહેવારે જમીન લડાઇથી અને હાથીઓથી તંગ થાઇ. અને શરદારોએ શીપાહીઓને તઇઆર કીધા અને લડાઇનાં હથીઆર હરજગો ઉપર ખોલાં કીધાં અને જંગલનાં દરમેઆંનમાં જેહવારે ઘણુંએક લશકર ઉભું કીધું તેહેજ વખત કાંશાંની નાએ નપીરીનો અવાજ ફુકવા લાગા અને એહેજ પરમાંણે બેહુ તરફથી લશકર શમારી તઈઆર કીધુ જે એક તરફથી લશકર મુસલમાંનનું અને બીજી તરફથી લશકર હીંદુ રાજાનું કે રાત અને દાહાડો તે લશકર મેદાંનમાં હેરાંન રહીઉં અને ઘોડાઓ દોડ દપટ અને ઘણો કાવો દેતાં ઘણાં થાકી ગીઆ. અને બેએ શરદારો બેહુ તરફથી મગરમછની મીશાલે ઉભેલા હુતા અને બેહુ તરફનાં સરદારો ચીતાવોની મીશાલે કોશેશ કરતા હતા અને તલવાર અને તીર અને ભાલાની લડાઇનાં વરસાદથી જાંહાંન અંધારી થાવા લાગી તે લડાઇનાં દરમેઆંનમાં બેહુ તરફથી એટલા લોકો મારેઆ ગીઆ જે તે મુએલાનાં હરએક જગો ઉપર ટેકરા થાએઆ અને તે લોકોની ફરીઆદનો પોંહચનાર કોઈ નહી હુતો અને નહી કોઈ ઇઆરી પુશતીનો કરનાર હુતો એ પરમાણે તે લોકો ઉપર ખોદાતાલાનો હોકંમ ઉતરેઓ હતો કે તે લશકર માંહેથી કોઇ એ આશપાશ નહી જોઈઉં અને તમાંમ બે શુમાર મારેઆ ગીઆ લશકરનાં દરમેઆંનમાં અને લશકર ગાહમાં એકાએક નાહસતુ પડીઉ જે લડાઇની જગો ઉપર કોઇએ કોઇને નહી ઓલખેઆ તારે તે દીનદાર બેહેદીને પોતીકાં ઇઆરોને કહીઉ જે હુ આગલ તથા પાછલ કોઈ હીનદુને એ લડાઇમા ઇઆર નથી દેખતો અને શરવે હીનદુઓ લશકરની જગોથી નાશી ગીઆ અને બેહેદીન શેવાએ મેદાંનમાં કોઇ ઉભો રહેઓ નથી વાશતે એ ઇઆરો હવે વખત લડાઇનો છે તેથી આપણુને એ શફનાં દરમેઆંનમાં વાઘની મીશાલે જાએઉ જોઇએ અગર આપણે શઘલા શાથે એકઠા થાઇને જો હુમલો કરીએ તો તલવારે અને તીરે કરીને દુશમંન લોકોનુ લોહી ચલાવીએ એટલું કહીને તે બેહેદીનોની શફમોથી પેહલાં અરદેશેર નાંમનો બેહેદીન એક મેદાંનમો આવેઓ અને તેહેજ વખત નાંમ ઉઠાવનાર અરદેશેરે મેદાંનમો તેજ ચાલનો ઘોડો દોડાવેઓ. અને લોહોડાંનો નેજો એક હાથમાં પકડીને બખતર તનમાં પેહેરીને તલવાર કંમર ઉપર બાંધીને ઘોડો કુદાવીને એક બારગી શફને દરમેઆંનમાં આવેઓ તેવારે પેહેલાં તો હરએક જગોથી તીરનો વરશાત વરશવા લાગો તેથી લડાઇનાં કરનાર મરદોનાં તંન ઉપરનાં કપડાં અને હથીઆર શરવે ફાટી તુટી ગએઆં. અને ધકાધકીથી ગરદ ઉડવાને લીધે આલંમને રોશન કરનારો આફતાબ છુપેઓ થાઇ ગીઓ. કોઇ શું જાંણે કે રાત છે ઇઆ દાહાડો એ

મીશાલે ગેરદથી આફતાબનો ચશમા ઢંકાઇ ગીઆ. અને હર તરફ પોતે મરદો ઉપર મરદ પડવા લાગા એટલે જે મરદ મરવા લાગા કે તું શું કેહેશે જે તમાંમ જાંહાંન અંધારાંમાં ઢંકાઇ ગેઈ ને તેહેનાં દરમેઆંનમાં અલમાશને રંગનાં તીરો જલહકવા લાગા. અને તે નેજાનાં રાખનારા તથા ગુરજનાં રાખનારા હજારો આદમીઓમાંથી આખર ઘણાં આદમીઓ કંમ થાઇ ગીઆં એટલે જે ઘણાં આદમીઓ મારેઆં ગીઆં અને જમીન તથા આશમાંન કાલું અંધારૂ થાઇ ગીઉં. અને શરદાર લોકોનાં લોહીથી ખાક લાલ રંગ ની મીશાલે થાઈ ગેઇ અને તન માંહેથી લોહી ફવારાની મીશાલે ચાલવા લાગું અને તલવારોથી ઢાલોનાં ટુકડે ટુકડા થાઈ ગીઆ. અને બખતર આદમીઓનાં જીવ ઉપર આફતની મીશાલે થાઈ લાગાં. અને જમાંનો હરદંમ આદમીઓનો મેહેમાંન થાએઓ અને પેહેલવાંનો માથાંથી તે પગ લગે લોહોડાંમો ગરક થાએઆ અને તે લોહોડાંનાં હથીઆરો રોશાંન આફતાબની મીશાલે જહલકતાં હુતાં અને બેહુતરફથી તીરનાં પેકાંને દોડાદોડી કીધી અને શીહા ખાકમાં લોહી ચાલવાલાગુ અને છાતીઓને દરમેઆંન નેજાઓએ ગાહવ કીધા. અને બખતરોમાંથી લોહીની શેરો ઉડવા લાગી પણ કોઇ પેહેલવાંને એ જખમોથી મોહોડું નહી ફેરવીઉં. અને ખુરેજી કરવાનાં તમાંમ હથીઆરો આજેજ થાઈ ગીઆં અને ઘોડાવોની નાલથી જમીન લોહોડાંની થાઇ અને હરએક તરફમાં મરદોનાં પગ ગુઠંણુ શુધી ગરક થાવા લાગા એ મીશાલે ૩ તરંણુ દાહાડા અને ૩ તરંણુ રાત લડાઇ થાઇ જે આદમીઓનાં હાથ અને પગ કાંમ વનાંનાં થાઈ ગીઆ અને હર એક તરફથી તલવારની વીજલી જહલકવા લાગી અને તેજ તલવારથી માંથાંઓ ઉડવા લાગાં અને મુશલમાંન લોકો મારેઆ ગીઆથી તે હીંદુ રાજાનાં લશકરમો મુશલમાંન લોકોએ શેકશત ખાધી તારે અલફખાંન અંનધારી રાતને દરમેઆંન શરવે શાંમાંન શરજાંમ લડાઇની જગોનો ફરામોશ થાઈ મેલીને નાહાશી ગીઓ. અને તમાંમી અલફખાંનનું લશકર નાહાશતું ભાગતું અરદેશેરની લડાઇથી તારાજ થાઇ ગીઉ અને તે લડાઈમાં ઘણાંએક દુશમનો મારેઆ ગીઆ અને આખર તે અરદેશેર ફતેહમંદી પાંમીને ઉભો રહેઓ. અને લડાઇની જગોનો શાંમાંન શરંજાંમ અને દેહડા તંમણુ શરવે એકબારગી અરદેશેરનાં હાથમાં આવીઉં.

શરદાર અલફખાંન બીજીવાર અરદશેર શાથે લડાઈ કીધી અને હીનદુ-રાજા ઉપર અલફખાંન ફતેહ પાંમેઓ.
તેહની હકીકત.

———(૦)———

અને વલી બીજે દાહાડે જેહેવારે આફતાબ પાહાડમાંહેથી નીકલેઓ અને જેહેવારે જાંહાંન આફતાબનાં નુરથી રોશન થાઇ તેવારે બેહુ તરફનાં લશકરમાંથી પોકાર નીકલવા માંડેઓ. અને જમીન એક મરતબે બીજીવાર જોશમાં આવી અને ઘાંટનાં આવાજથી અને હીનહીનાતાંની કરનાઓનાં આવાજથી એટલેજે વજંનતરોનાં આવાજથી ઘણાંએક

લોકોનાં માંથાંઓએ કુનદી પકડી અને બીજીવાર અલફખાંન લડાઇનો શોમાંન
તઇઆર કરીને આવેઓ અને રણનાં નગારાં વાગવા લાગાં તેવારે નાંમદાર
અરદેશેર બીજી મરબતે લડાઈમાં દોડતો આઓઓ અને તેહેજ વખત નેક ફંનનાં
રાજાને કહીઉંજે એ દુશમંન લોકોનાં શોઓ તન છે અને આપણું એંક તંન
છે ઇઆને આપણાં કરતાં દુશમંનનું લશકર શોઆ ગણું જીઆદા છે હવે તું
હમોને એ કાંમમાં શું જોએ છે કે દુશમનોનું લશકર એ વખત ઉપર જીઆદે આવીઉ છે
વાશતે હવે હમો હમારો જીવ આપશુ ઇઆ તેહનો જીવ લેશું હેવી નઇઅત
થી હમોએ લડાઈમાં પડીએચ કે એ મેદાંનને દરમેઆંનમાં હમારો દોશત ખોદાછે જે તે
હમેશે હમારી શાથે મુશકેલ આશાંનનો કરનાર છે તેવારે તે વાત ઉપર તમાંમ શરવે કોઈ
ખુશહાલ થાએઆ. અને ઘણુંએક જણાંનાં દેલ દરદથી આજાદ થાએઆં તેહેવાર પછે
તમાંમ લોકોએ બદંન ઉપર બખતર પેહેરેઆં અને તમાંમ શરવે કોઈ અલફખાંનની લડાઇ
ઉપર શેતાબીથી આવેઆ તેહેજ વખત નાંમનાં ઉઠાવનાર અરદેશેરે કમંદનો ફાંદો કાલા
શાંપની મીશાલે જીવ ઉપર વલગાવેઓ અને દીનદોશતાંની તલવાર કંમર ઉપર બાંધી
અને નેજો હાથમાં પકડીને શેર મરદની મીશાલે શફના મોહોડાં ઉપર આવેઓ અને
તુંનદીથી પોકાર મારેઓજે એ ચીતાવો શાને વાશતે લડાઇનાં દરમેઆનમાં હેરાંન રહે-
આ છેઓ અને હવે તમારા લશકરનો શરદાર કોણ છે અને તેહેનું નાંમ શું છે અને એ જગો
ઉપર તે શું મોરાદ રાખે છે. તારે તે દુશમંનનાં લશકરમોથી એક પેહેલવાંન નીકલી આવેઓ
અને અરદેશેરને કહીઉંજે હા હું છેઉં કે હું એક જખમ મારવાથી મરદોનુ લોહી ચલાઉ
છું. અને તે પેહલવાન એક કુદતા ઘોડા ઉપર બેશીને અરદેશેરની આગલ આવેઓ. અને લડાઇની
વખતે મશતની મીશાલે ભાલો હાથમાં પકડીને હરએક તરફ દોડવા લાગો અને તેણે પોકાર
એક અરદેશેરને મારેઓ જે હવે હુશીઆરથી એ પાકજાદા તાહારી નજદીક હું પેહેલવાંન
આવેઓચ હવે તું પોતીકી તરફથી એક હાથ દેખાડ એટલે જે તાહારી ઘર પકડ ડેખાડ તારે
તેહેજ વખત અરદેશરે તેહેને આવાજ મારેઓને કહીઉંજે હું તમાંમ હથીઆર શાથે તાહારી
શાથે લડનારો આવેઓ છેઉં એટલું કહીને મેદાંનનાં દરમેઆંનમા વાઘની મીશાલે બેહુજ-
ણાં ફરેઆ અને પોતીકા જીવથી બેહુ જણાં ઘરાએલા થાએઆ ને આખર અરદેશેર તે ઉપ-
ર ગાલેબ થાએઓ ને ઘોડાની પીઠ ઉપરથી તે પેહેલવાંનને નીચે નાંખેઓ અને ફાંધો
નાંખીને તેને ખેંચી લીધો ને તેહેનું માંથુ કાપી નાખીઉં અને અલફખાંને જેવારે તેને
મારેલો દીઠો તાહારે તેનુ દેલ તે દરદથી દરદ ભરીઉં થાઇઉ અને તેણે તેહેજ વખત
પોતાનાં લશકરને હોકંમ ફરમાવેઓજે પારશીઓ અને રાજા શરવે મારેઆજાએ અને
એ જગો ઉપર કોઈ જીવતા નહી રેહે. અને તે લશકરની પુશતીપર આવેઓ કીનો ચહા-
નારો અને લડાઇને દરમેઆંન તેહેજ વખત ઉપર મારામાર ઉઠી. અને તલવારનાં આવાજો
આકાશક ઉઠવાલાગા અને લોહી ચાલવા લાગું જેમ ખાક ઉપર નદી ચાલે તે મીશાલે. અને
જેહેવારે બેહુ તરફથી લશકર વલગવા લાગું તેવારે તે લશકરોનાં તંન બદંનમાંથી લોહી
દરીઆની મીશાલે ચાલવા લાગું અને ખુની દરીઆમાંહેથી મોજ આવી અને હરએક જગો
ઉપર આદમીઓની ખરાબી થવા લાગી અને એક જગોખી નહી રહી કે તે માંહે એક કી

ડી શમાએ. પંણુ ખુદાએતાલાનાં હોકંમ વનાએ કોઈ પોતે કાંહાંથી શમાઈ શખે તેહેજ બખત અરદેશેર દરમેઆંન આવેઓ તે વખતે તેહેનો જમાંનો આખર આવી પોંહોંચેઓ. જે તેહેની કંમર ઉપર એક તીર વાગો તે કંમર ફોડીને પાર નીકલેઓ તેહેવારે તેહેનાં તંને તે જખમથી શુશતી પકડી અને હરએક જગો તેહેનાં તંનમોથી લોહીનાં ફવારા ઉડવા લાગા. અને અરદેશેર જીંન ઉપરથી ઉંધો માંથે જમીન ઉપર પડેઓ અને શેપાહી લોકો તે અરદેશેરને પડેઓ જોઇઆથી હેરાંન અને હાત પગ વગરનાં થાઇ ગીઆ અફશોશ કે તે દેલાવર પેહેલવાંનને જમાંનાંએ આખર બરબાદ કીધો જેવારેકે અભાગીઉ બખત ગોશો લાવે તારે તે જગો ઉપર શખત પથર મોમની મીશાલે નરમ થાએ અગરચે એણે ઘણીએક લડાઈ અને કોશેશ કીધી પણ શુ. બરગશતેબખ-તથી તે મરદને ફાએદો થાએઓ. અને બેહુ તરફથી લશકર ઘણું મારીઉ ગીઉ અને શરદાર લોકો તથા નેક કાંમનાં નાંમદાર લોકો મારેઆ ગીઆ અને રાજાનો છોકરોબી તેહેજ વખતમાં મારેઓગીઓ અને લડાઈનાં દરમેઆનમાં શોર શરાબો પડઓ અફશોશકે તે હીંનદોશતાંનનો નેક રાજપુતર મારેઓ ગીઓ અને હરતરફથી શેહેર વેરાંન ઉજડ થાઈઉં.

નાહશી ગીઆ બેહેદીન લોકો શ્રી બાહારોટનાં પહાડમાં અને તાંહાંથી વાંશદ ગીઆ તેહની હકીકત.

અને તે બેહેદીન લોકોબી આખર પરાગંનદેહ થાએઆ અને હીંનદોશતાંનમો એક પાહાડ બાહારોટ નાંમનો છે. તે જગોમાં ઘણાં એક બેહદીન લોકો પોતીકા જીવને વાશતે તાંહાં જાઈને ભરાએઆ. જે કાંઇ ઇઅજદાંનો હોકમ થાએ તેહને ફેરવી નહી શખાએ. પછે તમાંમ બેહેદીનો શ્રી ઇરાંનશાહા ઇઆને આતશ બેહેરાંમ શાહેબને પોતીકી સાથે શ્રી બાહારોટ લેઇ ગએઆ. અને તે જગોમાં વરશ ૧૨) બાર સુધી રહેઆ અને તેહેવાર પછે ઘણીએક મુદતે ખોદાએતાલાનાં હોકંમથી પોતીકા ખેશ કબીલા શાથે પાછા રાહા ઉપર આવેઆ જે આતશ-બેહેરાંમને શાથે લેઇને શરવે કોઈ વાંશદાની તરફ નીકલેઆ તે લોકોની ખબર વાંશદા શેહેરમાં આવી તેવારે હરએક લોકો તેહની શાંમણે મોહોબતથી લેવા આવેઆ અને તેહેજ બખત શ્રી વાંશદાનાં બેહેદીનઃ ખેશ કબીલા વાલાવો તથા કેટલાએક નાંમદારો ૩૦૦) તરંગશોહો શવારો શાથે લેઈને શાંમણે લેવા ગીઆ અને શેકડો બોજોરગી શાથે શેહેરનાં દરમેઆંનમાં લાવેઆ અને જે મીશાલે કે એક દરદમંદ હોઇને તે પાવ જેહેરનો મોહોરો પાંમે ને તેથી તેહેનું દરદ દફે થાએ ને ખુશી પેદા થાએ તે મીશાલે તે લોકોને ખુશહાલી પેદા થાઇ અને તેહેવાર પછે વાંશદા શેહેર એક બાહારની મીશાલનું થાઇઉં. એ રવેશે જમાંનો ગુજરેઓ તેહેવાર પછે લોકો જે બેહેદીનની નશલનાં પાકરાહ રશંમનાં ચાલનાર જે હરએક મોલકમાં હુતા તે લોકો જવાંન તથા બુઢાવો તથા ઓરતો તે ઇરાંનશાહની ઇઆને આતશ બેહેરાંમની ખેદમત ગુજારીને વાશતે તથા બંદગી કરવાને વાશતે શરવે લોકો જાતા જેમકે આગલા વખતમાં બુલંદ બુજોરગ શંજાંણમાં ઇરાંનશાહની ખીદમત ગુજારીને વાશતે જાતા તેહેજ મીશાલે પારશી લોકો ઘણીએક ચીજો તથા તોહફો અને હદીઓ ખુશબો લેઇને હરએક જગોથી વાંશદામાં આવતા.

ચાંગાશાહા નાંમનાં નાંમદાર બેહેદીનનાં આતશબેહેરાંમને વાંશદેથી નોશારી લેઇગીઆ તેહની હકીકત.

——:o:——

શ્રી વાંશદામાંહાં જેહવારે વરશ ૧૪) ચઉદ ગુજરેઆં તેહેવારપછે આશમાંન મોરાદ મુજબ ફરવા લાગોજે એક બેહેદીન તે વખત ઉપર જાહેર થાએઓ કે તે વખતમાં તેહેની મીશાલનો કોઈ નહી હુતો કેતે જમાંનાંનાં દરમીઆંનમાં દીનદારીથી કેટલીએક નીશાંનો તે બેહેદીનથી જાહેર થાઈ તે બેહદીન નાંમે ચાંગા બીન આશા તે શ્રી નોશારીનો શરદાર હુતો અને તેશખશ બેહેદીનોને કેટલોએક આશરો આપતા કાંએજે તે નેક બેહદીને આખર વખતને દરમેઆંન ભલી દીનને બીગડવા નહી દીધી. અને જે કોઇને શદરો કુશતી નાહીં હુતી તેહંનાંને પોતીકા પઈશાથી ખરચ કરીને શદરા કુશતી આપાવેઆ અને ઘણીએક કોશેશ દીનનાં કાંમમાં તે મરદે કીધી અને જે કોઈ મરદ દરદ ભરેલો તેહેની પાશે જાતો તે પોતાનો એલાજ કીધા વગરે તેહેની નજદીકથી ખાલી અને નાઉમેદ પાછો નહી ફરતો. અને તે વખતમાં કેટલાએક બેહદીન મરદો તેહેની દોશતીથી દીનમાં આવેઆ અને તે બેહેદીને તેવખતમાં દીનનુ કાંમ હેવું કીધુંછે જે માહરી જુબાંએ તેહેની શરેહ જાહેર કરી નહી શખતો. અને એક વરશ તે પાકજાદા મરદે આતાશ બેહેરાંમ શાહેબની ખીદમતમાં જાવાની નઇઅત કીધી તે વખતમાં શ્રી આતશબેહેરાંમ વાંશદામાં હુતા અને આદરમહીનો અને આદર રોજનુ જશન આવીઉં હતુ તે વેલાએ તે ખુબીભરેલો દીનદાર બેહેદીન કેટલાએક બેહેદીનોને તથા દશતુરોને શાથે લેઇને ગીઆ તે જગોએ શરવે બેહેદીનોએ આતશબેહેરાંમનાં દીદાર જોઈને પાક પરવરદેગારને શેજદો અને પરશતશ કીધી અને તેહેવાર પછે તે દરધાથી શરવેકોઇ ખુશીખુશહાલીથી પાછા પોતાને ઘેર આવેઆ તેહેવાર પછે તે વરશ ઉપર બેએ તરંણુ મહીના ગુજરેઆ તેહેવારે તે નેકીનાં ચાહનારા ચાંગાશાહે એક દાહાડે પોતાનાં દેલમાં ધારીને તમાંમ અનજુમંન નોશારીમાંહાં એકઠું કીધુ અને તે અંનજુમંનની આગલ આતશબેહેરાંમની વાત કાહાડીને કહીઉંજે એ નેક ચાહનારા લોકો હુ એમ ચાહુંચજે પાદશાહોનો પાદશાહ શ્રી આતશ બેહેરાંમને શ્રી વાંશદેથી આપંડ એ જગો ઉપર લાવીએ અગરજો તે આતશબેહેરાંમનો મુબારક દીદાર હરરોજ આપણે જોઇએતો આપણને શવાબ ઘણો લાગે અને બીજું એછેજે આપણે તાંહાંજાતાં હરવરશ રશતામાં ઘણી રજ અને શકતી ખેચીએ છઈએ કાંઇજે એ આદરમહીનો છે તે માંહે વરશાદ ઘણો આવે છે તેથી આપણને તે જગો ઉપર જાવું ઘણું કઠંણુ પડે છે વાશતે એ અજીજ પેઆરા લોકો એથી બેહેતર બીજું શું છે વાશતે આપણે શઘલા દાના લોકો શાથે જાઇને તે વાંશદેથી ફતેહમંદ આતશબેહેરાંમને આપણે નોશારી માંહાં લાવીએતો આપણે તેહનાં દીદાર હરરોજ જોઇએ કે તેથી હરરોજ આપણી રજકરોજી ઘણી જીઆદે થાએ. અને તેહનાં દીદાર હરરોજ જોવાથી બેહેદીનોનાં દેલ રોશંન થાએ એ પરમાંણે તે ચાંગાશાહે બેહેદીનોને કહીઉં તેહવારે તેહની વાત શાભલેઆથી શરવે અંનજુમંનના લોકો ખુશહાલ થાએઆ અને શરવે કોઇ વાંશદં જવાની મેહેનતથી છુટા અને શેંકડો બોજોરગીથી શ્રી

આતશબેહેરાંમને તથા તે ભલી દીનનાં લોકોને નોશારીમાં લાવેઆ ને એક સારૂં ખુશ મકાંન શ્રી આતશબેહેરાંમને વાશતે આપીઉં અને ભલી દીનનાં ૩ તરંણુ શખશો ખુદાપરશત ઘણી એક મુદતથી શ્રી આતશબેહેરાંમની ખીદમતમાં હુતા. અને તે રાત અને દાહાડો તેહેની ખેદમતગુજારીમાં મવકલ હુતા તે માંહેથી એકનું નાંમ નાગંનરાંમ હુતું અને તેહની મોરાદ મકશુદ હમેશે દીનદારીથી હુતી અને બીજાનું નાંમ દશતુર ખોરશેદ અને તેહેનાં બાપનું નાંમ કાંમદીન હુતું. અને તરીજા દશતુરનું નામ ચાંનના અને તેહેનાં બાપનું નાંમ શાએર હુતુ અને એ તરંણે જણાં હમેશે આતશબેહેરાંમની ખીદમતમાંહાં જાહેર હુતા અને તેઓનો કુટંમબ કબીલો છોકરાં છઇઆં શરવે શ્રી આતશબેહરાંમ શાહેબ નીશાથે હુતા તેશરવેને કેટલાએક દબદબાથી અને કેટલીએક એજત આબરૂથી અને બુજોરગીથી તે તરંણુ દશતુરને કુટમબ કબીલાશાથે દુર રાહથી નોશારીમાં લાવેઆ અને તેવખતમાં તે દીનદાર દાવર ચાંગાશાહ તે આતસબેહેરાંમનાં ખીદમતગારોની મદદ કરતો હુતો તે નેક બેહેદીન ઉપર માહરી દોવા એ છેજે તે ચાંગાશાહનુ મકાન હમેશે બેહેસતનાં દરમેઆંનમાંહાં હોજો.

એ કેશો તમાંમ કરવાના બાબમાં કહે છે.

——:(૦):——

બે શુમાર અને બેહદ શેપાશ અને શુકર જાંહાંનનો પેદા કરનાર અને જાંહાંનનો પાલનાર છે તેહેનાં જે તેણે માહારી જુબાંને આએ કાંમનાં દરમેઆંનમાંહાં ચલાવી અને પોતીકી મેહેરબાંનીથી દરવાજો એક ગેબથી ઉઘાડેઓ. અને મહને એ કેશો જે દશતુરે દેખાડેઓ છે તેહેને એ ખોદા તું બેહુ દુનીઆંમાં આબાદ રાખ અને હું એ કીશાનો બનાવનાર તે એક મીશકીન છેઉ જે માહારૂં નાંમ બહમંન છે. અને નોશારીમાં માહરૂં મકાંન છે અને બીજુ જાંણકે માહારા બાપનું નાંમ કેકોબાદ છે. અને તેહેનું હેલ આતશબેહેરાંમની ખીદમત ગુજારીમાં ખુશ છે અને તેહેનાં બાપનું નાંમ દશતુર હોરમજદીઆર કે તેહનું મકાંન નુરભરેલાં ગરોથમાંનમાંહાં હોજો. અને તેહેની ઓલખ શંજાંણાં કરીને તુ જાંણ જે તે હરએક દાનાઇનાં કાંમમાં રંજીદેહે હુતા તેં દાંનેશ તથા તે દાનાઇને લીધે તેહેનાંનો લકબ શંજાણાં હુતો કાંજે તેણાંએ દીનનાં કાંમમાં દાનાઈ કીધી છે અને બીજુ તેહેનુ નાંમ દીનનાં દશતુર રાખીઉં. અને હરએક જગો ઉપર દીનનો રશતો તેણાંએ ઉઘાડેઓ અને તેહોણનું રેહેવુ નોશારીમાં હુતું મગરજો તુ તેહોણને ગણે તો વરશ ૨૦૦) થાએઆં છે તેહોણની ઉપર હજારાં દરૂદ અને દોવા હોજો. અને બીજા જે કોઈ દીનદાર હુતા તેહોણની ઉપરબી દરૂદ અને આફરીન હોજો અને હઆજદાંનાં હોકંમથી મરદોનો હાલ એહવાલ એતરેથી મેએ લખેઓ એટલા વાશતે જે દીનદાર મરદો પઢે અને આખેરે દોવા માહારે ઉપર પોંહોચાડે અને તે જમાંનાંનાં લોકો ઉપર માહરેથી હજારૂં હજાર દરૂદ અને આફરીન હોજો અને એ કેશો રોજ ૬ ઠો ખોરદાદ અને માહા ૧ લો ફરવરદીન શને ૯૬૯ નવશો ઓગણોતેર એજદજરદીનાં વરશમાં બનાવીને મેએ તમાંમ

કીધા અને આખેર ઇઅજદાંથી મેએ પોતાની દાદ શોધી અને હવે એ કેશાનાં પઢનારાવોથી હું દોવા ચાહુંચજે તેથી કરી માહારો મરનઓ અને આખરૂ વધે. અને જે કોઇ મહને દેલની ખુશાથી ઇઆદ કરશે તેહનુ રવાંન બેહેશતી લોકો શાથે મલેલુ હોજો અને જે કાંઇ કે મેએ દીઠું અને પોતાનાં બોજોરગવારોથી શાંભલીઉં તેહેનો મેએ એ કેશો કહેઓ પંણ- ઓમાહારા ઉશતાદે એ કેશાને સમારેઓ અને દોરોશત કીધા વાશતે એ પરવરદેગાર તે ઉશ- તાદની ઉમરની દરાજીકરજે અને હમેશે તેહેને ખુશી ખુશહાલીથી રાખજે. જેવારે હુંએ એ દાશતાંનને પોતે કહી તેહેવારે હુંએ નેધા કીધી રાશત લોકોની રાહ રશંમને. અને જેવારે જોઈતું માહારેથી અનેક વાત તેવારે તું માહારે ઉપર દોઆ આફરીન લાએક કર. અને તારીફ બેહદ બેશુમાર અને ઘણી વખાંણ હમેશે દીનદાર જરતોશતી ઉપર હોજો. બીજું ખોદાતાલા તુંહુને એવી તોફીક આપેજે તુ હર વખતે અને હરઘડીએ માહરા રવાંનની ઉપર દોઆ આફરીન પોંહોંચાડે.

તમામ થાએઓ શંજાણનો કીશો.

કીશશે શાણુજાંન.

ખુદાની શીફત.

બનામે ઇઅજદ, ઓ શશતી પસંદ,
તાહરાં નામથી થાએ દેવો ભશમ.
તાહરૂરે નામ રૂડું અને નેક,
જુબાંનપર લેએચ હરદંમ શેક.
ઓ, તાહરાં દાહાપણુની કરવા વખાંણ,
સદા રહેચ ખુશાલ મારો પરાંણ.
રાતો, દીન તારીજ પરાથના કરૂં,
તારાં નામની શેવા ધ્યાનમાં ધરૂં.
તારા નામનાં પેઆરમાં રહું સદા,
કરૂં માહરો જાંન તું પર ફીદા.
તાહરાં નામથી થાએ મોટી હીંમત,
તે હીમતની કોણુ કરે કીંમત ?
છે તું ખાવીંદ ખાવરાંને રોશંન,
આદમને તર રાખેચ જેના કીરંણ.
છે તું સદાનો શર્વ શકતીવાંન,
તારી શકતી છે, બેહદ, બે ગુમાન.
કોણુ કરે તાહરી શકતીનો શુમાર,
ન લાગે ઠેકાણે ફરેશતાઈ વીચાર.
તુ છે કીરતાર શારી શુરૂશતી પાલનાર,
તું છે મહેરબાંન, પાપીઓનો તાલનાર.
તું છે લેનાર, દાદ, ગરીબ, નાંતવાંનની,
તું છે સાંભલનાર ફરીયાદ હેવાંનની.
તું છે બતાવનાર દાનાઓને રાહ,
તું છે રખાવનાર ઇનશાફનો ચાહ.
તું છે દાંનાઓના એકીનનો ખુરજ,
તું છે ગરીબોનાં ઇમાંનનો શુરજ.
તું છે ખાંવીંદ એ હમા આદમ જાત,
તું છે પીરોજગર ખરો પાક જાત.
તું છે એખલો ન કોઇ તારો શરીક,
તું છે બેમીશાલ, ન કોઇ તારો રફીક.
તું છે શર્વે શાહેબોનો શાહેબ,
તું છે રાખનાર ખેલ અજાએબ.
તું છે હમેશગીનો હમારો રાહનુંમાએ,
તું છે પોહોંચાડનાર પાપીને સજાએ.
તું છે બાતેનમાં તું છે જાહેર,
તું છે શરવે વાતોમાં માહેર.

તું છે હમારાં દુ:ખો તાલનાર,
તુ છે કીડીનો પણુ પાલનાર.
તું છે માહા વીર અને ખુબીવંત,
તુ છે શેહેનશાહ, ન તારાં રાજનો અંત.
તારી ખુબી, નેકીનો તો પારજ નથી,
તારી આદમપર બખશીશનો ઠારજ નથી.
તારી બખશેશોમાં આદમ પર ખરી એજ,
તારી બખશેલી આંખો જોનારી તેજ.
તારી બે કીમતી કારીગરીનો હેવાલ,
તારી કુદરતનો કાંહાં કરીશું ખેઆલ.
તારી હીકમત શુ આદમમા દેખાડીચ,
તારી બનાવતથી શું કશી કાહાડીચ.
તારી કુદરતે જુનથી બનીઉ આદમ,
તારી મરજીથી જે લેવા લાગુંચ દમ.
તારી શીફતે આદમને બખશી જુબાન,
તારી મહેરબાનીનું જેથી માનેચ હેશાંન.
તારી ખુબીવંત કલંમથી બનેલા કાંમ,
તારી ખલકતનો રાગ શાંભલી આપેચ માંન.
તારી લલકારતી કલંમના બાહારથી,
તારી ચકચકતી કલંમની ધારથી.
તારી કલંમે ચીતારીઉચ નાખ,
તારી કલમના તોરની જેછે શાખ.
તારી તેજ કલંમથી બનીઓચ જે હાર*
તારી બખશેશના દંમનો તેથી છે બાહાર.
તારી શકતીથી બની દુનીઆ ઓ ખુદા,
તારી કીરતીપર કોણુ ન રહે ફીદા ?
તેં આશકોના જીવ, બેકરાર રાખીઆચ,
તેં તેઓને સુખમાં પણુ નાખીઆચ.
તેં નીસતીમાંથી બનાવી છે હસ્તી,
તેં તેનાપર કીધીચ તરેવાર વસ્તી.
તેં આદમપર કીધીચ ભારે મહેરબાંની,
તેં બખશીચ તેને અકલની જીંદગાંની.
તેં આદમને અકલનું ગુએર આપીયુંચ,
તેં તેથી તેનું સુખનું મુલ રોપીઉંચ.
તેં આશમાની નકશો કીધોચ અજાએબ,
તેં તેમાં ગોઠવીઆ પેલો રોશનીનો સાહેબ.

---

* કાંતીનીહાર. † સુરજ.

તેં પેદા કીધી પેલી દુર પરકાશતી. *
તેં પેદા કીધી તેની સદા હસતી,
તેં શીતારા જહેઆચ આસમાંન્ર શંગ,
તેં પેદા કીધું આસમાંન બદલતું રંગ.
તેં પેદા કીધી ધરતી આકાશપર ફરતી,
તેં કીધી તેને સુરજની મુલાકાત લેતી
તેં ફરતો પેદા કીધો દુનીઆપર કોલ,
તેં તેને બખશીચ સદા એક ચાલ,
તેં રાખીચ દુનીઆ સદા ભરપુર.
તેં દેખાડીકંચ તેમાં તારં નુર,
તેં સર્વે ઠેકાણે કમાલી દેખડાવીચ,
તેં સર્વ ચીજોમાં ખુબી બતલાવીચ.

સરાબનો સીસો.

કાંએ ઓ કલમ,
તું સાની માંગેજ વિલમ?
ચાલ જલદી, ના થા દરદી.
સરાબની તૈયાર છે જામ,
થા હુશીયાર, કર કાંમ.
હજુર સાંનો તુ ગમ ધરેચ,
કેહે મને શું વિચાર કરેચ.
ચાલ જો તો ખરી તુ તેનો બાહાર,
ઉરાડી નાખશે તે તાહરો ગમખાર.
પાદશાહ જમશેદથી પેદા થએોચ એ નોસ,
એ પીધાથી તુને ખરેજ ચહડશે જોશ.
હજુ સાંની ગમગીન બેસી રહીચ?
મહને દીસેચ તુ કાંઇ ઘેલી થઈચ
ચાલ, ચાલ, લે જરા સરાબ,
પી, બીહીના, ન તુ થશે એથી ખરાબ.
કાંએ ધ્રુજેચ? પીએ છે અમરૂત પાંણી,
એ નથી આપનાર મહેનત રોતીની કાંણી.

સરાબી જાંમી

કલંમ ઉતરી પીવા શરાબ.
માગવા લાગી તે સાથ કવાબ.
કલમતું માગેચ કવાબ,
એ તારી ચાલ છે ખરાબ.
કવાબ જો માંગે તું,
તો કામ કરજે આપું હું.
ખરી થાઇ મસ્ત કલંમ,
હવે ન લગાડશે વીલંમ.
વાહા! બાહદુરી.
કલંમ તારી.
મહને પેઆરી.
છે ન અકારી.
સરાબની શું મજા?
કલંમ બોલતીજા.
કેવો થઓ દુર ગંમ એ કલંમ.
હવે કામ કરવા ન કરતી વીલંમ.

તોજેશ.

બનાંમે હોરમજદ બોલ તું બહમન,
તારાં મનમાં હોય જે કાંઈ શુકન
કીરતારની કીર્તીનો શુમાર છે કયા,
ખીશતી રહેચ અકકલ ફરેશતાની જયા.
તારી શું તાકાત તેની શીફત કરવા,
કયાંથી લાવશે શુખન, તેને લાયક જેવા.
ઓ ખુદા સારી જીઆંનના કીરતાર,
તુ થા મારા ગુનાહનો માફી કરનાર.
હું તારો બંદો ખાકી બહમન,
કશું રાખતો નથી કુદરતમાં વજન.
તારી દરગાહમાં શર નીચુ નમાઉંચ,
ને તુ દયાલુની નગેબાંની ચાહુંચ
મારૂ દીલ તારી રોશનીથી છે ભરપુર.
કરૂ મારૂ જીગર તારા પીઆરમા ચુર.
તું મારા દીલમાં ઇમાનદારી ઉતાર,
કે જેથી મને મલે રસ્તો ઉતરવા પાર.
તારા શીવાય મારો કોણ છે ખેરખાહ.
બે ઈમાન દુનીઆએ તો મારેઓચ ગાહ.
આ દુનિઆમાં દોસ્ત રાખતો એકજ,
હું દીલથી ગણતો તેને ખરો નેકજ.
તેને ચહડીઓ અરે લાલચનો હાંફલો.
તેથી તે થઓ ગોઆ આંધલો
અફશોશ! અફશોશ! શું હું કેહેવુ,
તેણે કીધું કામ મરદુમ આજારી જેવું
તેથી થયુંચ દીલ ગમ ગીરફતાર
તે ગીરફતારીમાથી મહને પાર ઉતાર
તારી નજદીક મારૂં શર કરૂંચ,
અને મારી ઉમેદ તું પર ધરૂંચ.
ઓ દયાવંત માફ કર મારા ગુણા,
જે થયા છે મુંજથી હજારો ઘણા
તારા દરવાજેથી મહને કહાડે બહાર,
તો કયાં લાગેરે મારો ઠાર.
હાંકી મુકે તું મને પાપી જોઈ,
કયાં જાઉં તારા જેવો નથી કોઇ.

* ચંદ્ર,

ખરચું તું પર સુધળી જીંનદગી.
તો ના થાય તારી પુરી બંદગી.
લથરતી જુબાં જે કરેચ તારી બંદગી,
તેથી હાંશલ થાએચ મહને શર્મીંદગી.
બંદગી બાએનું નથી મુજમાં ગ્નાન,
તેથી ખરો છું તું પાસ મીશલે હેવાંન.
આપ મદદ ઓ જીહાનનાં મદદગાર,
હું છું તારી જીહાનમાં એક ખાકશાર.
બદગીના બાબમા એટલુંજ જાણુંચ,
જાહાં સર્વે કરેચ ભગતીને ઠેકાણું.
આતસ બહેરામ તારી પાક દરગાહ,
જયાં સઘલા ભગતો થાએચ ભેગા.
કેઈ ચીજ છે હું કંગાલની પાસ,
તારી જનાબમા થાએ હદીઓ ખાસ ?
માગુંચ મદદ તારી જીવમાં મોજુદ,
કાંકે જીવ સાથ ન આવશે કાલ બુદ
પાછું જીવવું છે તારી જોતથી,
તો ફીકર શાંની છે મને મોહોતથી.
નીકલે મારૂં રૂંહું જીઆરે બહાર,
મોકલજે ફરેસ્તો લેઇ જનાર પાર.
તે ફરેસ્તો બહેસ્તનો વસનાર હોય,
કે જેનાથી મારો જીવ રોશન થાય.
જે તકસીરથી ના વાકેફ છું ઓ રેહેમ નર,
દયાલું દરશટીથી મહને તે માફ કર.
ઓ ખુદા કબુલ કર તું મારી અરજ,
શકતી આપ કે પુરી પાડું દુનીઆની ફરજ
કેમ ઉલટાવી તેં મુજપરથી મયા,
જે રાખીતી ફીરદવીપર બેહદ દયા.
તુ જાણેચ મારા બાતેન વિચાર.
શું કાંમ રંજીદા કરેચ મહને એ સુમાર.
તું સાહેબ-છે મારો-બેઉ જીઆંનનો
હું નાતવનને ટેકો તું પેહેલવાંનનો,
ગુમરાહીની ઉંઘ ઘાઈ નાખ ઓ ખુદા,
બેઇનશાફીથી મને દુર રાખ સદા.
ના લેખતો મહને પાપીઓની રસમથી,
કાં કે. પાપ ચાલું છે બાવા આદમથી.
બતાવ મને ખરો રસ્તો તારો
કે થાઉં હું ખાકી તારો પીઆરો,
પોકાર કરૂંચ જાહાં છે તારૂં મુકાંમ,
કે પાપીની ટીપમાં ન લખે મારૂં નાંમ.
તું તારા દાશપર જો મહેરબાંન થાય,
તો બેઉ જેહાંનમાં તે પેહેલવાંન થાય.
ઓ "પાક કલાંમ" પોંહોચાડનાર ધણી,
મહેરબાંન નજર રાખજે ફીદવીભણી.

ભલી દીનનાં જરથોસ્તીઓ ઈરાનથી, નાહાશી હીંદુસ્તાનમાં આવ્યા અને તેઓ ઉપર પાક દીનને સારૂં હાંદેશા પડયા તેનું બયાન.

શાંભલ હવે એક અજાએબ દાસતાંન,
મોબેદ દાનાવોએ જેનું કીધુંચ બયાન.
તે બયાંન નહિ સમાએ એક જગો,
લખુ તો કાગજોના નહિ લાગે થાગો.
તો પણ કાંઇ બોલવાની કરૂંચ હીંમત,
સો બોલે એકની લખુચ શીફત.
મેં સાંભલ્યુંચ એક દાનાવ દસ્તુરથી,
જે માન પામેલો હતો નેકીના નુરથી.
પઢીઆતો જંદ અવશતા પક્કી એવી,
શી કસટ કીધીતી હારેમંદી જોઇએ તેવી.
સરવેની નજર તે પર ચુસ્ત હતી,
ભલી દીન તેનેથી પુખ્ત હતી.
સરવે કોઇ તેનો હુકમ માનતા,
ભલી દીનનો પેશકાર કરી જાનતા
દીનનાં કામમા તેની સલાહ સીવા,
આગલ ન ચાલતા રૂપીએ દમડી સવા.
તે કોશીશ કરતો દીલો જાંનથી,
શીખવતો લોકોને વગર હેશાંનથી.
તેને આએ કહયુચ મને દાસ્તાન,
જેને મેલવ્યું હતું દાનાવોથી બયાન.
જે વખત તેણે મને એ વાત કહી,
તે વખત મેં તેની ચતુરાઈ જોઈ.
શું મુશતકીન ને મજબુત વીચાર,
વીચારોની ખુબીનો કાંઈ નથી પાર.
વાકેફ થયો હું આએ કીશશાની બીના,
દરદ ભણુંચ રૂહુ પર હમેશ તેના.
શાહા ગુસ્તાસ્પના વખતમાં જરથોસ્ત,
બીનોઈ દીન લાવેઓ જે ખુદાનો દોસ્ત.
તે દીનમાં કહયુંચ જે હતું બનનાર,
કે જુલમગાર પાદશાહ છે પેદા થનાર.
ત્રણ મરતબે ભલી દીન તુતશે,
અને બેહેદીનોને દુરવંદ લુટશે.
અરે તે શાહનું નામ 'શીતંમગર' થશે *
અને શીતમ તે ઘણો કરશે.
બીના શાભલ હવે ભલી દીનની,
જે છે બારીક અતી ઘણી ઝીણી.

---

* શીતમગર શેકંન્દર; ઇશકંદર: એલેકઝાન્ડર,

તેજ મીશાલ શીકનદર આવ્યો ચહડી,
રાજ લીધું ગુસ્તાસ્પ સાથે લડી.
લડાઈનું હતું એક ભારી તુફાન,
કંઇક ખાનદાનની ન રહી નીશાંન.
બાહુરીથી લડાઈ દીનદારોએ કીધી,
ઇઅજદાંએ તેઓની દાદ નહી લીધી.
અફશોશ, અફશોશ શું કહુ હેવાલ,
હજારો જીવ થયા ગરીબ કંગાળ
કંઇકીએ કબુલ કીધી દુરવંદોની દીન,
કંઇક બેઠા છુપી પાહાડોનશીન.
ઇરાંન બનીઉતું એક ખુનનો દરીઆ,
ખુનના મોજા ઉઠતા જાણે ગોઆ.
ઇરાંણી બાનુઓએ ધરીતી તલવાર,
તેઓના દસ્તથી કંઇક થયાતા થાર.
ઇરાંણી બેટી અરે કયાં તક લરે,
જયારે ઇરાંણનો બેઠા માંઠા ગરેહ.
અફસોસ દીનદારોનો થયો ખરાબો,
શીકંદરે બાલી વલી દીનની કેતાબો.
તેણે બાલીઆ તે સાથે ત્રણ શહેર,
બેહેદીનોને મારવા લાગો તે ઘેરે ઘેર.
એપ્રમાંણે થવા લાગી દીન સાફ,
જયાં સુધી પેદા થયો અરદાવીરાફ.
બાબેગાનના વખતમાં તે થયોતો પેદા,
દરદ હોજો રૂહુ પર તેના સદા.
પાછી પાક દીન તેથી તાજી થઈ,
અરદેશરની મદદથી પ્રકાશતી ગઇ,
ઉડતો દીનનો જુનદો આસમાંન તલક.
માંન આપતી ભલી દીનને સારી ખલક,
બીજી મરતબે હારેમદોએ દીન તોડી,
જયાં સુધી કે શાહાપુરની કલગીર ઉડી.
આદરબાદ મારેશફંડ તથા શાપુરશાહ,
પોંહોચાડવા લાગા તેઓ દીનપર નેગાહ.
આદરબાદે બાંધી દીન ઉપર કંમર,
રહેજો તેની તારીફ સદા અમર.
એકનથી કીધી તેણે સાત ધાતુ,
તેની નીચે કીધું અગની બલતું
પીગલાવી, રેડી તેને બદનપર,
તેથી લ્યાંનત પડી હારેમનપર.
તરેહવાર અડચણ દીનની તેણે તોડી,
પાછી પાક દીન હોરમજદની જોડી.
શાહપુરથી તે ઇઅજદેજરદ * સુધી,
પાક દીનમાં નહિ હતો ફરક કદી.

ઇઅજદેજરદી વખતમાં પ્રકાશી દીન,
ઉંધાં પડેઆતા તમાંમ હારેમનજીન.
જીઆરથી ઇઅજદેજરદની પાદશાહી ગઇચ,
અફશોશ ઇરાંણની ખરાબી થઇચ
જરથોસ્ત પછી થયો એક હજારો, †
પાક દીનનો ગુમ થયો નેક સીતારો.
ઇઅજદેજરદ પર આવ્યા દુશમન તુટી,
આલમ થવા લાગી એક બીજાથી છુટી.
અરે! અરે ! ઇરાંન થયું વેરાન,
કમી થઇ ત્યાં જરથોસ્તી નીશાંન.
હતુ જંદ, પાજંદ પર જેઓનું દીલ,
નાહશવામાં તેઓએ નહિ કીધી ઢીલ.
દસ્તુર, દાવરો દીનની કરવા જતન,
છોડી નાથાં પોતાનું પીઆરૂં વતન.
છોડીઆ બાગ, બગીચા અને એવાંન,
છુપી બેઠા કરી પાહાડા પોતાનું મકાંન.
જે જમીનનું નામ રાખીયુ કોહોશતાંન. ‡
એકસો વરસ રહી ત્યાં તેઓની નીશાંન.
પછી ઇઅજદાંની ત્યાંથી ફરી મરજી,
હોરમજદ શહેરની જમીન તેઓની સરજી.
હોરમજદ શહેરનુ કીધા પછી બંદર,
માત્ર ત્યાં રહી શકીયા વરસ પંદર.
દીનદારોને ત્યાંબી નહિ મલી યારી,
કરવા લાગા દીન દુશમન જુલમ ભારી.
તે વખતમાં હતો એક દાનાવ દસ્તુર,
નજુમના ઈલમમા જે હતો ભરપુર.
તેણે બારીકીઠી કીધી ખુબ નેગા,
તેથી તેણે અકલમંદો કીધા ભેગા.
તેણે કહ્યું, "શાંભલો એ મારા ભાઇ,
મેં તમારા સીતારાની ચાલ જોઈ.
તેથી થાએચ માંક્ષમ મને એવું,
સજાવાર નથી મને બોલવું તેવું.
પાછી ફરીચ તમપરથી ખુદાની મરજી,
કબુલ કરવી જોઈએચ કીશમતની અરજી.
જુલંમ થશે તમપર એથી જીઆદા,
ખમોછો દરરોજ દુશમનથી સદા.
આ જમીન છોડી જવું જોઇએચ બહાર,
નહિતો દુશમનના હાથથી થઈશું થાર.
જવું સજાવર છે આપણને હીદમાં,
કે નહિ આવી પડીએ દુશમનનાં બંદમા.

---

* અરદેશીર બાબેગાંન.

* ઇઅદેજરદ શેહેરીયાર. † એક હજાર વરસ.

‡ પાહાડી જમીન.

દીન અને જાંનુની કરવા સંભાલ,
સર્વેએ કીધો એકબીજા સાથે ખ્યાલ.
ઠરાવ કીધો જવા હીંદની તરફ.
તઇઆર કીધાં વહાણો કરી જરફ.
કાંન કીધા ઉભા. લાંબા સરોના,
બેઠાં ઓરત, બચ્ચાં અશો નરના.
હીંદુસ્તાન તરફ તેઓએ ફેરવેઆં સુકાંન,
સંભાલ કરનારને સોંપીઆ પોતાના જાત.
ખોદાની બખશેશથી જોઈ દીવની નીશાંન,
તહાં કીધાં તેઓએ પોતાના મકાંન.
પુરાં થયાં જયારે ઓગણીસ વરસ,
પાછો થયો સીતારો તેઓનો નરસ.
બુઝરોગ દસ્તુરે કીધી સીતારાની ગંનતી,
તેથી સર્વે થયા પાછા ખંનતી.
બીજું દીવમાં ફરંગીઆનો હતો સબબ,
જલવાતોતો નહિ તેથી પાક મજહબ.
તેથી શહેર છોડવાની થઈ ગરજ,
સર્વે કોઈએ જાંની મજહબની ફરજ.
તેઓએ ગુજરાત તરફ હાંકેયા વહાણુ,
પાછા સોંપીઆ તેઓએ ખુદાને પ્રાણ.
શુ કહુ તેઓનું નશીબ અભાગીયું,
કે દરીયામાં ભારે તોફાન જાગીયું.
સર્વે દસ્તુરો પીકરમંદ, દલગીર થયા,
સર્વે કોઇએ હાથ જાંનથી ધોયા
શું કરવુ તે સુજે નહિ હર કોઇને,
અરધા જાંન કબજ કીધા તોફાંન જોઇને,
ખાકમાં નાખી સર બંદગી કરવા લાગા,
ઉભા થાઈ ઝેજાર તેઓ રડવા લાગા,
ઓ દહાપણના સાહેબ કર અમને મદદ,
આએ વખત સાંભલ હમારી એબાદત.
પેહોંચ મદદે ઓ ફતેહમંદ બહેરાંમ,
કર હમારી મુશકેલ આસાન તમાંમ.
તું મહેરબાંન થાયતો સાંની ધાસ્તી ?
તારા નુરથી પોહોંચે કીનારે કીસ્તી.
તું સાંભલનાર છે સર્વે કોઇના પોકાર,
તુફાનથી બચાવી હીન્દમાં પોહોંચાર.
ખુશી, ખુરમીથી જો કરશું મુકાંમ,
ત્યાં પરથશું હમો પાક આતસબેહેરાંમ.
ઓ ખુદા એ આરાધવાનું કરશું કામ,
જય આપશે હમોને હીન્દમા થામ.
તું સીવાય બીજો કોઈ ઇઆર નથી,
તું શીવાય હમારો કોઈ મદદગાર નથી.
હવે બહેરાંમ ઇઝદની મહેરબાંનીથી,
અને સર્વે શકતીવાંનની નેગેબાંનીથી.

થઇઓ અરજ તેઓની કબુલ,
સદા મન રહયાં તનનાં બુલબુલ•
યાને પોંહોચી મદદ તે પાકજાતની,
દેખાવા લાગી આસમાંનની રોશની.
તે રોશનીથી થયું ફનાં તોફાંન,
પોકાર કરવા લાગો પકડનાર સુકાંન.
દસ્તુર દાવર અને બહેદીન તમાંમ,
બંદગી કરવાં લાગા લઈ કીરતારનુ નામ.
તોફાંનનુ જયારે થયુ સાફ વાદલ,
જઇ પોહોચીઆ તેઓ સજાણ * આગલ.
ત્યાંનો હતો રાજા જાદેરાના.
લોકો માન આપતાના તેને ઘણા,
નેક ખસલતનો તે હતો રાજા,
સુખમાં હતી તેની સઘળી પ્રજા.
સખાવતમાં હતો તે દસ્ત–દરાજ,
દહાપણનો હતો તે મોટો મહારાજ.
એક દસ્તુરે કેટલોએક હદીઆ લઈ,
મુકીઓ રાજા પાસ દુઆ દઇ.
તે દસ્તુર દાનાંઈમાં હતો કાબેલ,
બોલવાની ચતરાઈમાં હતો ફાઝેલ
બોલીઆ રાજાને "ઓ રાએ રાના,
હમો ગરીબ ચાહીએચ તારી પનાહ
બખશ તારા શહેરમાં રહેવાંને ઠામ,
લાવી વસીએ હમારાં બચ્ચ સરંનજામ
હમો છઈએ દીનદાર લોકો પ્રદેશી,
હુ છું તેઓનો ભગત અથવા રૂષી.
મહજબની સભાલ સારૂ છોડીઉચ વતન,
આવી લાગાચ ઇહા તેની કરવા જતન
હમોએ સાંભલીચ તારી ખુબીની વાત,
કે તુ રાજા છે મહેરબાન ગરીબોની સાથ.
તારી નશલ બુનીઆદથી છે મહેરબાન
તુંજ છે ગરીબોંના ખરો કદરદાંન.
એ ખબરથી સર્વ ખુશાલ થાઇને,
તારી આગલ આવીઆચ હમો ચાહીને.
દીનનાં કામને લાયક છે તારી જગો,
એ શીવાય નથી જાણતા બીજી વગો

* જીવ પારસીઓએ પહેલા હીદુસ્તાનમા જે મુકામ કીધો તે શંનજાનની જમીન હતી અને એ ઉપરથી કીશાનુ નામ "કીશાસ-એ-શંજાણ" કરી રાખ્યું છે. એ પહાડી જમીનની દંખણ દશા તરફ ગુજરાત ૨૪ માઇલને છેટે છે. એ જમીનનું નામ આગલા જમાનાથીજ 'શંજાન' કરી હતું. જેમસ મીચેલ અને દાકતર વિલશન ઇ. સ. ૧૮૩૯ માં ત્યાં ગયા હતા. શંનજાણની પડોશના નારગોલ શેહેરમાં ઘણાએક પારસીઓ રહેતા હતા અને તેઓ સર્વે આએ કીશાની બીનાથી વાકેફગાર હતા.

વાસ્તે તું હમારી ઉમેદ બર લાવ,
કે દીન, દુશમનોથી થાય હમારો બચાવ."
એ સાંભલી રાજાના તમામ આદમી,
ખુશાલ થયા રાજા અને સ્વામી.
જેવારે જોયા રાજાએ સઘળા બહેદીનો,
દેહશતથી થઇ ગયો જાણે દીવાનો.
પડી તેને પોતાના તાજની ધાસ્તી,
કે બહેદીનો કરશે તારાજ હીદુ વસ્તી.
બહેદીનોના પોશાકથી થયો ધભરાત,
તેથી દસ્તુરને પુછી બહેદીનોની રેવાત
રાજા બોલ્યો "ઓ દસ્તુર દીનદાર.
તમારી કીરીઆનો છે કેવો આકાર'
તે તમાંમ જાહેર કરે તુ હમુને,
તો મુકાંમ કરી આપીએ તૈયાર તમુને-
બીજો કરાર તમોએ કરવો એવો,
કે તમો પોતાની ભાષા છોડી દેવો
અને ઇરાની જુબાન તમે છાંડો,
અને હીદુ ભાષા તમો પકડો
ત્રીજો એકરાર કરો તમો પહેરવેશનો,
આરતોને પહેરાવો હમારી રવેશનો.
ચોથો આપો કબુલાત હથીઆર છોડવાની,
ફરીને કદી નહિ પાછાં બાંધવાંની
પાંચમુ એજ શાહદીનુ કામ કરવા,
તમારે કરવા જોઇએ રાતનાં વેહવા.
જો આપો એ મીશાલની તમો કબુલાત.
તો હમારૂ શહેર થાશે તમારી વેલાત"
લાચારીથી કબુલ કીધુ દસ્તુર સાહેબે,
પાછી અરજ કીધી ભલી દીનના નાએબે,
"સાભલ ઓ રાજા દીનની બાબત,
હમો કરીએચ હોરમજદની એબાદત
તુ તારા દીલમા ધાસ્તી ના રાખ,
હમારાં છે દીલ ધ્યાન ભરેલા પાખ
બદી, બુરાઇથી છૈયે હમો દુર.
હીંદના દોસ્તો થવા ન કરશું કસુર.
હમારો છે એકજ ભકતીનો ખુદા,
જેની ઉપર છે હમારો જાન ફીદા.
હમોએ દીન અને ઈમાંનને સારૂ,
છોડયુંચ વતંન હમારૂ પ્યારૂં.
છોડયા બાગબગીચા અને મતા,
એવી છે ધરમપર હમારી મંમતા.
ઓ રાજા બીજું વધારે શુ કહીએ,
હમો જમશેદની ઓલાદથી છૈયે.
આફતાબ માહાતાબને પરસતેસ કરનાર,
બીજી ત્રણ ચીજો આદરમાનથી જોનાર.
ગાઉ, પાણી, આતશ, હમારો કીબલો,
જેથી વહેવાર ચાલેચ દુનીઆનો સઘલો
છે આએ ૭૨) તારની હમારી કુશતી.
એથી છે હમોથી હરેમંદ નાહાસ્તી.
દસતાનથી હોય જો હમારી ઓરત.
આફતાબ, માહાતાબની ન જોયે સુરત.
આતસ પાણીથી તેઓ રહે છે દુર,
જયાં સુધી પાક થાય તેઓનુ નુર
જીહારે ઓરત હમારી ફરજદ જણેચ.
૪૦) દીવશની પરેજી તેઓ જાણેચ,
ઓરતોને ફરજદ અધુરે વખતે આવેચ,
તેબી ૪૧) દીન પરેજી ચલાવેચ
દરેક જગોએ તે જતી નથી,
કોઇબી ચીજને તે અડકતી નથી.
એવાંજ બીજા છે હમારી કીરીઆના કાંમ,
જેથી ખાકમાં પડેચ દુશમનનાં નામ.
વલી બીજુ હમો છઇએ શમશેરી નર,
તારા દુશમનનાં ચીરશું હમો જીગર.
રાજા, નારાખતો તુ દીલમાં ફીકર,
શાક્ષી છે મારો ઉપલો પીરોજગર.
વીધીયુ તુ અકલનું મોટી જહુરથી,
થઇ ખાતર રાજાની તે દસ્તુરથી
હોકમ આપ્યો કે કરે પસદ જગા.
તો રાજા આપશે એકઠી હજાર વીંગા
દાનાઇ નેકીને તદબીરના સાહેબોએ.
ખુબ નેગાહથી તપાસ જમીન દર જગોએ.
પસદ કીધુ જગલ પોહોંચાડી ધ્યાંન.
જે જગો હતી ખાલી પડેલી વેરાન,
પણ હતી તે જમીન ઘણી ફલવત.
જયાં વસ્તુતુ નહી કોહી જીવજત.
જયાં નહી હશતી ત્યાં કીધી વસ્તી.
જયાં દીનદારોએ કીધી દીન પ્રકાશતી.
ત્યાં તેઓ પોતાના કબીલાની શગાત,
જાહેર મચાવામાં નહી રહયા પછાત.
જ્યારે તેઓએ જોઇ ફલવત ધરતી,
ખોડવામાં મહેનત લીધી વધારે ચહડતી.
જ્યારે થાઈ વસ્તી મીસાલે ઈરાણ,
ખુબ ખીલવા લાગું તે વખતે સંજાણ.
સર્વે કોઈ થયા ધંધામાં મશગુલ,
સંજાંણ ખીલતુ જાણે ગુલાબનું ફુલ.
એક દીન સર્વે કોઈ એકઠા થાઈ,
ખુબીથી કહેવા લાગા રાજા પાસ જાઈ.
ઓ રાજા તે બખશી રાજે જાગેરી,
ત્યાં બનાવેચ હમોએ અછી નગરી.

હવે સર જમીનને તારી હીંદુસ્તાન,
હમોને પરથવા જોઇએચ આતસબેરાંમ.
માટે જોઇએચ જમીનની ૩) ફરસંગ સફાઇ,
કે હમારાં કામમાં ન થાય હરકત કાંઇ.
જુદદીનોએ રહેવું જોઇએ ૩) ફરસંગ છેટે,
જ્યાં દીનદારો સીવાય કોઇને આવવું ન ઘટે
એ પ્રમાણે જો તું કરે બંદોબસ્ત,
તો થાય હમારી ક્રીયા પુરી ને પોખ્ત
નહિ તો થાય હમારૂં બ્યર્થ કાંમકાજ,
જો આવે તે જગોમાં કોઇને અવાજ.
રાએ બોલ્યો એતાબીથી કરો એ કાંમ,
મારા વખનમાં પોહોચાડો સરંનજાંમ.
ઓ દાનાવ મરદો એ કામમાં હું છેઉં રાજી,
તમે ઘીલ કરશો ના એ કાંમમાં જાજી.
તેવોજ રાએ કીધો પરજાને હોકમ,
કે ત્રણ ફરસંગ થાય દુર આંગે થામ.
એ પ્રમાણે બેગાનાઓ દુર થયા,
બેહેદીનો સીવાય ત્યાં કોઇ નહિ રહયા
પછી પાક કીધી આસપાસની જગા,
જ્યાં તખતશીન થયા આતસદાદગા
જ્યાં ચો તરફ કરતા દસ્તુરો પાસબાંની,
રાતો દીન રાખતા તેની નેગેહબાંની.
ધરમના કામમાં સર્વે માહેર હતા,
તે જમાનામાં કેટલાએક સાહેર હતા.
હરદંમ બદગી કરતાને ખુશ રહેતા,
સર્વે કામમાં દીનદાર ફતેહ પાંમતા.
જારી થયા પરભ અને તેહવાર,
ચલાવતાતા રાજાનો બ્હેદીન વહેવાર.
મોકલતો ભેટ રાજા, રાય, રાના,
સર્વે કામમાં ફતેહમંદ બહેદીન ઘણાં.
કરે પરસતેસ અને ઇજિસની ઇજે,
આપતાતા જાન તેઓ દીનને કીજે.
બહેદીનો એ બાંધ્યાં ખુબસુરત એવાંન,
તરેવાર કરામત કીધી હથીઆરે ખુરાશાંન.
હતા તેઓમાં કેટલાએક કીમીઆગર,
તેથી ચાલતું હતું દીનનુ કામ બહેતર.
વાંચનાર ના રાખતા કીમીઆંનો વિચાર.
કીમીઉ જાણુ દોલત આ જગોએ પાર.
અથવા કરવા માંગે કીમીઆનો કેઆશ,
છે પોતાના ધનનો કે બાપીકો મીરાશ.
એ મીશાલ દસ્તુર દાવરોએ તમાંમ,
ચુસ્ત ઇમાંનથી કીધાં દીનનાં કામ
હવે જો કરંચ વિચાર નેકદીન ઉપર,
અફસોસ કરવી પડેચ એ દીન ઉપર.

અરે એકીન ક્યાં છે તારૂં ઇમાન,
ખરૂં કહુચ થતી જાયચ કમ તેની નીશાંન.
કાંય? શું આપેચ તારો વિચાર,
કાંય ઇછેચ તું પારસીને કરવા ખુવાર,
શું ફરમાન ખુદાના જરથોસ્તી લાવીચ,
કે કેમ નજર પારસી ઉપર બતાવિચ.
કેમ હિંદુ રશમ આમેજ થવા દીધી,
એવી શુ કામ? શું મતલબથી? ચુક કીધી.
કેમ ખામોશી પકડી, આપ જવાબ,
દીનના ગંમથી જીગર થાયચ કબાબ.
અરે એકદર કેમ ખામોશી પકડી,
મતલબ શું રાખેચ જવાબ દે જલદી.
અરે જુલમગાર હસવાની કરેચ વાતે,
પેદા થાયચ મને તેથી કમકમાત.
બીલાડીનું હસવુ ને ઉંદરનું મરવું,
અરે એકીન એવું છે તારૂ કામ કરવું.
નમનતાઇથી કહુચ કરી સર ખાકમાં,
જવાબ દે થાય ફાયદો પારસીના હકમાં.

એકીનનો જવાબ.

હવે પાકી મરદ સાંભલ મારી વાત,
જાણતો નથી શું છે દુનિઆની કેવત.
બોલેચ કે "જર ચાહેસો કર"
એ વાતની તું દીનદારના કરતો જીકર.
અરે લાલચથી બંધાઇચ સઘળી દુનિઆ,
એથી ખરાબ મલ્યાચ ઘણાએ કનીઆં
લાલચના લોભથી ઘણા મને ડુબારેચ,
અડચણને વખત પાછી મને પોકારેચ.
પણ ખુદાનો ફરમાન મને એવો છે,
જાઉં તેઓની પાસ ઇમાનદાર જેવો છે.
ઓ! મરદ તે આપ્યોચ મને ઠપકો,
જાણુંચ તુંને લાગોચ મારો ચટકો.
તું કહેચે કાંય મેં કીધીચ નજર,
પારસીઓ ઉપરથી જરા કંમતર.
તેનો ખુલાસો સાંભલતું એ છે,
જેને વાસ્તે તુ હરદમ રૂએ છે.
કે જયારે ૩૦૦) વરસ થયાં નજદીક,
એથી બે, ચાર હોશે કમી કે આદીક.
તારા કીશા પ્રમાણે કેટલાક બહેદીન,
બગાડવા લાગા પોતાનુ ખરૂં એકીન.
જયારે ફશીયાં અંદર લોભીની જાલ,
એમા શું છે મારો વાંક કર તું ખ્યાલ
પણ જેઓ હતા મને જાલવનાર,
તેઓનું ખાનદાન છે મને રાખનાર

તેઓમાંનો તું બી મદદ એક છે,
તારીજ મીશાલ બીજા અનેક છે.
વાસ્તે છેઉં હું તમારી નજદીક,
અને કોધા છે તમુંને મારા રફીક.
બીજું તું પુછેચ હીંદુ રશમ વિષે,
એથીજ પારસીપર છું દલગીર અતીશે.
એ રશમમાં મારો નથી કાંઇ ઈલાજ,
તમોએ અખત્યાર કીધીચ લાલચને કાજ
ત્રીજું માગેચ તુ જરથોસ્તનાં ફરમાંન,
ખોલી જો તું અવસ્તાઓ પેહેલવી જુંબાન
છોડે જો લાલચ તમારો પારસી તોલો,
તો વાગે નગારા તમારી દીનના ટોલો.
હવે ચાલવાદે નાએગાંનોની વાત,
જે થઇચ આપણી વાતથી પછાત.
જયારે ત્રણુસો વરસ થયાં પુરાં,
બે ચાર થયાં હોય વધારે અધુરાં.
બેહેદીનો સંજાણુ છોડી રહેવા ગયા,
જયાં જયાં જેણે ફાયદા જોયા.
કોઇ ગયું નવસારી કોઇ વાંકાંનેર,
કોઇ ગયું વરીઆવે કોઈ અંકલેશ્વર
કોઇ પોતાની લઇ મીલકત સંગાત,
જઈ રહયા ભરૂચ અને ખંબાત.
કેટલા એકતો રહેલા હતા સંજાણુમા,
જયાં બસો વરસ કહાડીયાં સુખમાં.
જયારે બસો વરસનો પુરો હતો દોર,
શણુજાણુમાં દસ્તુંરના હતા કેટલાંક ધર.
કજાનો હોકમ થયો હતો વલી ત્યાં.
જાણુતો નથી પછી સઘળા ગયા કયાં.
પણુ એક દસ્તુર હતો નેક જવાંન,
મીઠાસથી બોલી હતી તેનામાં નીશાન.
હતું તે દસ્તુરનું નામ ખુશમત,
જેનુ હતું બુલંડ બખતાવર કીશમત.
કે હતો એક બેટો તેને પેટે,
જેનું મુબારક નાંમ હતું ખોજશતે.
હતી તેની ખાએસ બાજ બરસંમમાં,
હમેશ હતું ધ્યાંન તેનું દીનની રશમમાં
હોજો તેના મુરાદ બહેસ્તનાં દરમેઆન,
રહી હતી અરવીશગાહમાં તેની નીશાંન.
એ પ્રમાણે તમામ થયા. ૭૦૦) * વરસ
પાછો બેઠો ગરેહ ખરાબ, નરસ.

* એ ૭૦૦ વરસ લગી રાજા જાદેરાણાની પેહડીએ રાજ ભોગવ્યું અને એ ૭૦૦ વરસ પછી તે રાજાની શુલતાંન મહમદબેગડાને ખબર થઇ.

કે એકાએક થઈ પડી તંગ દુનીઆં,
માથાં નશીબના સંજોગ ફરી બનીઆં.
વખતનાં દોરના કેટલાંએક વરસો પછી
* શાહાને સંજાણનાં રાયની ખબર પોહોંચી.
થયાંતાં હીંદમાં ૫૦૦) વરસ તમાંમ.
જયારથી બહેદીનોએ કાધા હીંદમાં મુકાંમ.
આવી પડયા ચાંપાંમા નેહેરમાં મુશલમાંન,
તે જગોનો બેગડો થયો સુલતાન
તેની રઇઅતનો એવો હતો રવઈઆ,
કે મહમદને કહેતા "ખોદાનો શાયો"
તે હતો બુલંદ નશીબાનો ધણી,
રઈઅત પ્યાર કરતી તેનાપર ઘણી.
તેનો વઝીર હતો નામે બનાજખાંન,
જેનાપર હતો શાહા અતી મહેરબાન
અલફખાંન સરદારને કહયુ એક રોજ.
કે શીતાબીથી તૈયાર કરે તમાંમ ફોજ,
કાંકે શાહાનો ફરમાંન થયોચ એવો.
કે તમે શીતાબીથી સંજાણપર જાવો,
તેયાર થયુ લશકર હોકમ મુજબ.
પહેરીયાં બખતર પોહોચાડવા ગજબ,
ધુંવા મીશાલે તે બાહેર પડવા લાગુ.
અકાબની મીશાલે તે ઉડવા લાગુ

બેહદીનો તથા હીંદુ રાજાનાં લશકર સાથે, મહમદબેગડાના સરદાર, અલપખાંને લડાઇ કીધી તની હકીકત.

લશકરે કીધીતી બનતી ઉતાવલ ઝરફ.
અલપખાંન પોહોચ્યો સનજાંન તરફ.
તેની ખબર ત્યારે હીંદું રાજાને થઈ.
દુશમન આવ્યોચ હજારો સવાર લઇ,
અને તે તમામ સવારો છે ચુનીનદ'
તેઓ છે લડાઈના પેહેલવાંનો ઉમદા,
તે ખબરથી રાજા ઘણો બેહોશ થયો.
બીજી મરતબે પાછો હોશમાં આવ્યો.
તેને બોલાવીઆ મોબેદ, બેહેદીનો તમાંમ,
તેઓને તે શાહ કહેવાલાગો આંમ.
ઓ, યારો, આપો તમે મને ઉત્તર,
કે કેમ થાય દુર દુશમનની ફીકર?
મારા વડવા હતા તમ પર મહેરબાન.
તેનું આય વખત તમો વાલો હેસાન,
જો હેસાંન આ સંજોગે વાલવા માંગો.
તો થાઓ બતાવનાર લડાઈના માગો.

* શુલતાન મહમદ બેગડો.

તમો ઇમાનદાર લોકો બતાવો ઇમાનદારી,
દુશમન થાય ફના તમારી જોઇ બહાદુરી.
બુજોરગ મોબેદ બોલ્યો સાંભલી વચન,
ઓ ! રાજા ફીકર ના કર રહે મગન.
હમારાં તનમાં રહેશે જ્યાં લગી પ્રાણ,
કરશું બરબાદ હજારો દુશમનના જાન.
લડાઇના મેદાનમાં હમારી છે રશમ,
કે કદી ન કહેવાઇએ હીમતવાંન કમ.
હમોમાંથી કોઈ નહી પાઠ પકડે,
અગર ફતર ચકીનો તેપર મારો પડે.
એવો જોઈ રાજાએ તેવોનો દેખાવ,
બખ્શયો સર્વે ને તરેહવાર સરપાવ
તે વખતના બેહેદીનો બુઢા, જવાન.
જે લડાઈનાં કામમાં હતા આગેવાન.
તેઓના નામોની નોધ દફતરમાં થઇ,
તેઓની સંખ્યાં ચોદસોની ગણાઈ.
બાંધ્યા સર્વ કોઇ એ ઘોડાના તંગ,
હથીઆર તૈયાર કીધાં કરનારા જંગ
તેઓ સઘળા જઇ લાગા રાજાની તરફ,
ખેંચી હતી તેઓએ હરોલમાં સફ.
હવે સાંભલો, સરદાર અલફખાનનો વાત,
તેના લશકરનાં હતા જીન ભાત ભાત.
કસબી નીશાનો હાથીઓ ઉપર જુલતી,
હાથીઓની શુંઢઓ ખુબ મસ્તીમાં દોલતી.
હાથીઓથી તંગ થઈ લડાઇની જમીન,
શીપાઈઓએ બાંધ્યાં ઘોડા ઉપર જીન
દરેક જગોએ હથીઆરો થયાં હતાં તઇયાર,
બંધે બાજુના લશકરોની થઇ હતી કતાર.
જંગલમાં કાંસાંની નાએઆ ફુકવા લાગા,
લશકરી ઘોડા બેહદ કુદવા લાગા
એક તરફ હતું લશકર-એ-સુલતાંની,
બીજી તરફથી સમજ રાજાનું ને કયાંની
રાત દહાડો લશકર રહીયું મેદાનમાં હેરાન,
ઘોડાબી દોડ દપતથી થાકી થયા પરેસાંન.
બેઉ તરફના સરદારો મગરમછની મીસાલ,
હરતરફ નેગા કરતાતા મારવા ચુંગાલ
સરદારો ચીતાની કોશેશ કરતા હતા,
ભાલા તીરનો વરસાદ વરસાવતા હતા
તલવારો દર ઝપાતે સરો કાપતી હતી,
મુરદાંઓની હર જગોએ તેકડી થતી હતી.
ન કોઇ તેઓની દાદને પોહોચનાર હતું,
ન કોઈ તેઓની પુશતીનો કરનાર હતું.

એવો થયો તો તેઓપર ખુદાનો હુકમ,
અફસોસ ? થતાતા નારાજ તેઓ હરદમ.
એક બીજાને કોઈ નહિ પીછાનવા લાગા,
હીંદુઓ ત્યારે લડાઇના મેદાનથી ભાગા.
તે વખત દીનદાર સરદારે બેહદીનોને કહયું,
આપણી આસપાસ કોઇ હીંદુ નથી રહયું.
યારો, હીંદુઓ ભાગાજ લડાઇના મેદાંનથી,
માતર લડાઈ મચી રહીચ આપણા જાનથી.
આએ વખતે કાઇ કરવી જોઇએ નહી કશર,
આપણા નામદાર વડવાઓની દેખડાવવી અશર.
મસ્ત વાઘની મીસાલે લડવું ઘટેચ,
કોણ નામરદ આપણાંમાંથી પાછો હટેચ.
આપણને ઘટેચ કરવો એકદમ ધસારો,
ને ચલાવવી જોઈએચ દુશમનપર તલવારો.
તીરોને પાવું જોઇએચ દુશમનોનુ લોહી,
કે નહાશે તેઓ આપણી બહાદુરી જોઈ.
એવા સખુનો જુબાંનથી કહાડી બહાર.
થયો પાછો પેસકાર અરદેશર સરદાર.
તેના હાતમાં હતો નેજો ફોલાદી,
કમરે લતકતી હતી તલવાર જલાદી.
આંગમાં હતું તેના ફોલાદી બખતર,
ઘોડો તેજદાર સીહને મારતો તક્કર.
જુબાંપર લઇ પાક ઇઅજદાનુ નામ,
તેણે ઘોડો દપતાવીઓ દુશમનને કાંમ.
પહેલાં વરસાવવા લાગો તીરોનો વરસાદ,
એ વરસાદથી થઈ દુશમનોની માહાત.
ધકાધકીથી ગીરદ એવી ઉડતી હતી,
આફતાબની રોશની ઝાખી થતી હતી.
કોઇ શું જાણે રાત યા દહાડો થયો,
એ મીશાલ આફતાબ ઢંકાતો ગયો.
હર તરફ મરદોપર મરદ પરવા લાગા,
ગોઆ તીરોની મરકીથી તેઓ મરવા લાગા.
તું કહેશે જે જીહાંન અંધારામાં ઢંકાઈ ગએચ,
ને માત્ર અલમાશી તીરો ચલકી રહીચ.
ગુરજ તથા નેજાહાના રાખનારા હજારો,
મારયા ગયા બેઉ બાજુનાં સ્વારો
હજારો સીપાઇમાંથી જુજ રહેતા બાકી,
કેટલા એક સરદારો થઇ પડયાતા ખાકી.
શીહાકાલું થયું હતું જમીન આશમાન,
લોહીથી લાલ થયું હતું લડાઇનું મેદાંન.
લોહી વહેતું હતું ફુવારાની મીશાલ,
ટુકડા બનતા તલવારોના ને તાલ
સરોના ટુકડા તલવારોથી બનતા હતા,
મોહોતના મેહેમાનો સરદાર થતા હતા.

જગો જગો લોહી ખુબ ચાલતું હતુ,
ઘોડાનું બદન લોહીથી ધંકાએલું હતું.
તીરના પેકાંનો દોડા દોડી કરતા હતા,
છાતીઓમાં ઘાહ નેજાનાં થતા હતા.
લોહી માગતાં હતાં દરેક હથીઆર,
લોડાંની બનાવતી જમીન ઘોડાની નાર.
પગ ગરક થતા ઘોડાના લોહીની અંદર,
ત્રણ રાત ગુજરી લડાઇની અંદર.
લડાયકોના હાથ પગ થાકા બીશીઆર,
પણ તલવારની વીજલી થતીતી તેજદાર.
બેશુમાર જયારે મારયા ગયા મુસલમાંન,
નાઠો રાતને દરમેઆંન સરદાર અલફખાંન.
જેવારે ખાધી અરે દુશમનોએ પતક,
દેરા, તંમણુ થયા અરદેશરને હસ્તક
દમાંમથી અરદેશર જઇ ઉભો રાજા પાસ,
તેણે મોતીથી વધાવીઓ માંન આપી ખાશ.
તેની નજદીક બેસુમાર ધરીયા જુવાહેર,
તારીફ તેની નોધવા મંડીઆ હીંદી સાહેર.
રાજાએ બખશી તેને હીંદી તલવાર,
ઓરત મરદોએ દુઆ દીધી તેનીપર અપાર.
એ મીશાલ હર જગોએથી તેને માન મલ્યું,
